# ૩૪. ધર્માચરણની ભૂમિકા

કોઈ પણ સામાજિક, વ્યાવહારિક કે આધ્યાત્મિક પ્રવૃત્તિ કરનાર પ્રત્યેક માનવ પોતાની યોગ્યતા જોઈ-તપાસીને પછી પ્રવૃત્તિ કરે તો તેમાં સફળ થાય છે, અણીશુદ્ધ રીતે પાર ઊતરે છે. પોતાની યોગ્યતાનો વિચાર કર્યા વિના આંધળિયાં કરીને દોટ મૂકનાર મનુષ્ય સદા પરાભવ પામે છે અથવા આડંબરી કે દંભી બને છે. તે એટલે સુધી કે એ વાસ્તવિક પ્રવૃત્તિને નામે ખોટેખોટાં ધતિંગ ચલાવીને કેવળ ચરી ખાવાનો ધંધો ખોલે છે, અને એ રીતે તે મહાપાખંડને પોષે છે અને ઉત્તેજન પણ આપે છે.

ધંધો કરનાર માણસ પોતાની મૂળ મૂડીને જોઈ-તપાસીને તે અનુસાર ધંધો કરે છે. એમ વિચાર્યા વિના ધંધો કરનાર પાયમાલ થાય છે અને થયા પણ છે. છેવટે દેવાળું કાઢે છે વા આપઘાતનું જોખમ ખેડે છે.

અભ્યાસ કરનાર વિદ્યાર્થી પોતાની યોગ્યતા ન હોવા છતાં ઉપરના વર્ગમાં ચડી જાય, તો પરિણામે હંમેશાં જ્ઞાનમાં કાચો જ રહે છે અને જીવનપર્યંત તે પોતાની ભૂલનો ભોગ બની રહે છે. હા, કહેવામાત્રથી તે ભલે બી. એ. કે એમ. એ. અથવા પંડિત બની જાય, પણ તેટલામાત્રથી તે કાંઈ બી. એ. અથવા એમ. એ.ની યોગ્યતા પામી શકતો નથી. આવી જ પરિસ્થિતિ આધ્યાત્મિક પ્રવૃત્તિને અંગે પણ છે.

જે લોકો ઈશ્વરમાં માને છે, પુનર્જન્મ અને આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરે છે, તેઓ પોતાનો આત્મા આ જન્મમાં અને ભવિષ્યના જન્મમાં કેમ શાંતિનો લાભ મેળવે અને શી રીતે સુખી થાય તેવું પોતે સ્વયં સમજીને અથવા બીજા વિવેકી પાસેથી સાંભળીને આત્માના સંશોધનની પ્રવૃત્તિ તરફ વળે છે. આવા લોકો એ માટે શ્રવણની, મનનની, ચિંતનની, ભજનની, પ્રાર્થનાની, દાનની, યજ્ઞની, દેહદમનની, યોગસાધનાની એવી વિવિધ પ્રવૃત્તિઓ આદરે છે અને એ માટે પોતાનો કિંમતી સમય અને જરૂર પડે ત્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધનનો પણ ઠીકઠીક ખર્ચ કરે છે. આમ છતાં એવા લોકો વર્તમાન જીવનમાં આત્માને અંગે કશો વિકાસ ભાગ્યે જ સાધી શકતા હોય છે. અરે ! કેટલાક આવા લોકો તો ભોગવિલાસ અને ખટપટમાં પડી જાય છે. આનું કારણ બીજું કશું જ નથી, પણ પોતે જે પ્રવૃત્તિ પોતાના આત્માના સંશોધન માટે–આત્મા ઉપર બાઝેલા મલિનતાના થરોને દૂર કરવા માટે આદરે છે, તે માટે તેઓ પોતે યોગ્ય છે કે કેમ તેનો પણ ભાગ્યે જ વિચાર કરતા હોય છે. તેઓ તો આંધળિયાં કરીને એ પ્રવૃત્તિમાં ઝુકાવે છે અને પરિણામે થાકીને નાસ્તિક જેવા બની જાય છે. છેવટે સાધારણ નીતિનો માર્ગ પણ તેઓ છોડી દેતાં અચકાતા નથી. આ રીતે એવા લોકો ધર્મને નામે ધાડ ઊભી કરે છે.

આત્માનું સંશોધન કરવા જે મનુષ્ય તત્પર બને છે, તે પોતે આત્મા છે, પણ દેહ નથી, અને દેહ તો આત્માનું એક સાધન છે, જેમ સુતારનું સાધન રંધો છે તેમ એવું ધ્યાન ધરે છે. દેહ ઉપરાંત આંખ, નાક, કાન, જીભ, ચામડી અને અંતઃકરણ એટલે ચિત્ત સુધ્ધાં આત્મા નથી, એ પણ બધાં આત્માનાં સાધનો છે. જેમ કોઈ કારીગર પોતાની પાસેનાં શુદ્ધ સાધનો દ્વારા નકામા લાગતા ખડબચડા પથ્થરમાંથી એક સુંદર મૂર્તિ ઘડી શકે છે, તેમ આત્મા પોતાનાં વિશુદ્ધ બનાવેલાં દેહ, ઇંદ્રિયો અને મનરૂપી સાધનો દ્વારા આત્માને નિર્મળ અને નિર્દોષ બનાવી શકે છે. આ માટે કઈ કઈ જાતની યોગ્યતા મેળવવાની હોઈ શકે તેના ઉત્તરમાં એ અંગે જાત અનુભવ કરનાર વિવેકી અને સંત પુરુષોએ નીચે મુજબ કેટલીક સૂચનાઓ કરી છે :

પ્રથમ તો પોતે આત્મા છે પણ દેહ નથી, તેમ ઇંદ્રિયો નથી, તેમ મન પણ નથી; દેહ, ઇંદ્રિયો અને મન એ આત્મારૂપ પોતાનાં સાધનો છે એવું દૃઢ વિશ્વાસયુક્ત વલણ જોઈએ; આ મક્કમ વલણ વિના કોઈ પણ નાની કે મોટી સાધના આત્માનો વિકાસ સાધવામાં કશો ફાળો આપી શકતી નથી, એ નક્કી સમજવાનું છે.

જ્યારે ઇંદ્રિયાદિક પોતાનાં સાધનો છે, ત્યારે સાધનો કરતાં સાધક એવા આત્માનું સામર્થ્ય વધારે જ હોવું જોઈએ–એ ન્યાયે આત્મા ઇંદ્રિયાદિ કરતાં વિશેષ બલિષ્ઠ છે એવો દૃઢ સંકલ્પ, એવી ભાવના નિરંતર કર્યા જ કરવી. એથી આત્માનું કહેલું ઇંદ્રિયાદિ તથા મન માનશે, પરંતુ ઇંદ્રિયાદિક અને મનનું કહેણ આત્મા નહિ સ્વીકારે–એવું પ્રભુત્વ આત્મામાં જન્મવા પામશે. આ માટે તદ્દન પ્રાથમિક ભૂમિકા આ રીતે કેળવવી જોઈએ.

કોઈ પણ આત્માર્થીએ પોતાનો તમામ વ્યવહાર ન્યાયને રસ્તે સાધવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોઈએ; જાણી-બૂઝીને ક્યાંય અન્યાયનો જરાસરખો પણ આશ્રય ન લેવો જોઈએ, તેને એટલે સુધી તૈયારી દાખવવા તત્પર રહેવું જોઈએ કે ન્યાય માટે દેહ પડે તો ભલે પડે, કુટુંબ દુઃખી થાય તો ભલે થાય, ઘરનો નાશ થાય તો પણ ભલે થાય, પણ ન્યાયમાર્ગનો આશ્રય કદી ન છૂટે : આ સૌથી પ્રથમ ભૂમિકા છે. આ જાતની ભૂમિકા મેળવ્યા વિના અને મેળવીને તેને ખૂબ કેળવ્યા વિના ગમે તેવાં ધર્માનુષ્ઠાનો, જેવાં કે યાત્રાઓ, બ્રાહ્મણ-ભોજનો, યજ્ઞો, હોમહવનો, ચંડીપાઠો, ગાયત્રીપુરશ્ચરણો, શાસ્ત્રનાં શ્રવણો, દેહદમનો વગેરે પાઈની પણ કિંમતનાં નથી, એ આત્માર્થીએ બરાબર યાદ રાખવું ઘટે.

પોતાના ન્યાયમાર્ગની વાત પોતાના પ્રિય કુટુંબને પણ ધીરે ધીરે પ્રેમપૂર્વક સમજાવવી જોઈએ, અને એ રીતે કુટુંબનો પણ આત્માર્થની પોતાની સાધનામાં સહકાર મેળવવા પ્રયાસ કરવો જોઈએ. ઘણી વાર ઘણી મહેનત કર્યા છતાં, સમજાવટ છતાં, આત્માર્થી વ્યક્તિ કુટુંબને, માતાપિતાને કે ભાઈબહેનોને વા પત્નીને સુધ્ધાં સમજાવવામાં સફળ થતી નથી. તેવે વખતે દૃઢ આત્માર્થીએ જરા પણ ક્ષોભનો અનુભવ કર્યા વિના, પોતાનો ન્યાયનો આશ્રય તજ્યા વિના જ પોતાનો વ્યવહાર ચલાવવો જોઈએ, અને તેમ કરતાં જે આપત્તિ વા અગવડો આવે તે સહેવા તૈયાર રહેવું જોઈએ. એવી આપત્તિ કે અગવડો પોતે જ વધારે સહન કરવા તત્પર બનવું જોઈએ, અને કુટુંબને માથે એવી આપત્તિ વા અગવડો ઓછી પડવા દેવી. ધારો કે ઘરમાં ઘી ઓછું છે; ઘીના માપ કરતાં ખાનાર વિશેષ છે. એટલે બધાંને ઘી પહોંચે એમ નથી. એવી સ્થિતિમાં આત્માર્થી ઘી નહિ જ ખાય, પણ તે પોતાનાં ભાઈભાંડુને વા માતપિતાને વા પત્નીને તે પ્રથમ આપશે. એમ કરતાં નહિ વધે તો પ્રસન્ન ભાવે ઘીનો ત્યાગ કરશે. પણ અન્યાયના સાધન દ્વારા ઘી મેળવવા કદી પણ પ્રયાસ નહિ જ કરે.

યોગશાસ્ત્રકારો પોકારી પોકારીને કહે છે કે ન્યાયયુક્ત વ્યવહાર વિના એવા ધર્માચરણની યોગ્યતા આવતી નથી, કે જે ધર્માચરણ દ્વારા આત્માનું સંશોધન કરીને તેને બ્રહ્મરૂપ બનાવવા પ્રયાસ કરવાનો છે.

આ ન્યાયના અવલંબનના ગુણ અંગે એવો દૃઢ વિશ્વાસ થવો જોઈએ કે પ્રાણત્યાગ ભલે થાય, પણ ન્યાયનો માર્ગ ન તજું. આવી વૃત્તિ કેળવવા સારુ આત્માર્થી માનવે શિષ્ટ પુરુષોના આચારોની પ્રશંસા કર્યા કરવાની વૃત્તિ કેળવવી જોઈએ. એટલે પોતાનાં આચરણોને ઠીક કરવા શિષ્ટ પુરુષોનો નિરંતર સમાગમ કરતા રહેવું જોઈએ. શિષ્ટ એટલે સફાઈદાર ભાષા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બોલનારા નહિ, તેમ બહારની ટાપટીપથી સંસારને આંજી દેનાર વા કેવળ સંસ્કૃત ભાષા બોલનાર પંડિતો જ નહિ, તેમ માગધી વા પાલિ ભાષાના પંડિતો વા વેદો, ઉપનિષદો વા બીજાં ધર્મપુસ્તકોના પોપટિયા પાઠી નહિ; પરંતુ સંસારના વૃત્તને જેઓ બરાબર તટસ્થપણે સમજનારા છે, વિદ્યાવંત છે અને મેળવેલી વિદ્યાને, જ્ઞાનને આચરણમાં લાવનારા છે, અનુભવે કરીને ઘડાયેલા છે, અને સેવાઓ દ્વારા જેમણે વિશુદ્ધ શિક્ષણ મેળવેલું છે, તેવાઓને યોગશાસ્ત્રકારો શિષ્ટ કહે છે. એ શિષ્ટોને ઓળખવાનાં નિશાન આ છે : (૧) લોકોમાં પોતાનો અપવાદ થાય તેવું કાંઈ પણ નાનું-મોટું સ્વાર્થસાધક કામ નથી કરતા. (૨) દીન, અનાથ અને રોગીઓને સહાયતા કરવામાં આદર-ઉત્સાહ બતાવે છે. (૩) કોઈએ પોતા ઉપર કરેલ નાના-સરખા ઉપકારને પણ કદી ન ભૂલનારા, હઠાગ્રહ ન કરનારા અને બીજાને અનર્થકારી એવી પોતાની હઠને તજી દેનારા હોય છે.

આવી ભાવના અને કર્તવ્યબુદ્ધિ વા કર્તવ્યનિષ્ઠા જેમનામાં હોય તેમને શિષ્ટ પુરુષો સમજવાના છે. આત્માર્થી આત્મશોધક માનવ આવા પ્રકારના શિષ્ટોના આચારો તરફ પોતાનું વલણ થાય તે અર્થે તેમના આચારોની વારંવાર પ્રશંસા કરવા સાથે તેમના સમાગમમાં નિરંતર રહે તો જ તે ન્યાયમાર્ગના આલંબનને નિરંતર ટકાવી શકે અને ન્યાયપ્રિય બનીને ચુસ્તપણે ન્યાયપુરઃસર વ્યવહાર કરનારો બની શકે.

આત્માર્થી પાપોથી ડરનારો હોવો જોઈએ. જે પાપભીરુ હોય તેને જ ઉપર જણાવેલા શિષ્ટ પુરુષોનો સમાગમ અસરકારક નીવડે છે. જેઓ પાપભીરુ નથી હોતા તેમને સાક્ષાત્ ઈશ્વર પણ ન્યાયના માર્ગે વાળી શકતો નથી. માટે આત્માર્થી વ્યક્તિ શિષ્ટોનો સમાગમ તો જરૂર નિરંતર રાખે; ઉપરાંત એવો સમાગમ સફળ કરવો હોય વા એવા સમાગમની અસર પોતાના ઉપર થવા દેવી હોય તો આત્માર્થી મનુષ્યે પાપભીરુ બનવું જ જોઈએ, એટલે કે પાપવૃત્તિઓથી અને તેવી વૃત્તિઓથી થતાં કાર્યોથી દૂર હઠતા રહેવામાં જ બહાદુરી બતાવવી જોઈએ.

પાપભીરુ રહેવાનું એકલું નહિ ચાલી શકે, પરંતુ તે સાથે આત્માર્થી જે દેશમાં વસતો હોય તે દેશની ભાષા, તે દેશની રહેણીકરણી, તે દેશનો પહેરવેશ અને પોતાના દેશમાં પ્રચલિત એવા સદાચારને બાધ ન આવે એવો તમામ દેશાચાર તેણે બરાબર પાળવો જોઈએ. ભારતવર્ષમાં રહીને કોઈ પણ કારણ વિના માત્ર આંધળિયા અનુકરણ દ્વારા પરદેશી ભાષા, પરદેશી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહેણીકરણી, પરદેશી પોષાક અને એવો જ બીજો પરદેશી ખાનપાન વગેરેનો આચાર નિરંતર વર્જવો જોઈએ. વળી, પોતાનાં દેશ, ભાષા તથા પોતાના દેશના લોકો પ્રત્યે પોતાનું શું કર્તવ્ય છે, અને તે કર્તવ્યને પૂરેપૂરું વફાદાર એવું પોતાનું આચરણ છે કે નહિ, તેમ બરાબર વિચારીને જ્યાં જેટલી ખામી હોય તે તમામ દૂર કરીને પાકા સ્વદેશી બની જવું જોઈએ.

ભારતવર્ષની જનસંખ્યા ઘણી મોટી છે, એટલે તે તમામ લોકોની પાસે પહોંચી શકે તેવો કોઈ ઉદ્યોગ ન હોય તો લોક બેકાર રહે, અને બેકાર રહેનાર લોકોમાં સદાચરણોની ટેવ ટકતી નથી; એટલું જ નહિ, પણ તેઓ ખોટે રસ્તે પણ ચડી જાય છે. આમ થતાં ન્યાયનું ધોરણ નીચું ઊતરે છે. એટલે દેશાચાર તથા દેશપોષક ઉદ્યોગ અને દેશી રીતભાત તરફ આત્માર્થી મનુષ્યે પૂરતું લક્ષ્ય આપવું ઘટે.

દેશાચાર તરફના દૃઢ સદાગ્રહ સાથે આત્માર્થીમાં કોઈની પણ વ્યક્તિગત કે પક્ષગત નિંદા કરવાની લેશ પણ વૃત્તિ ન હોવી જોઈએ. નિંદા એ એવો દુર્ગુણ છે જેથી નિંદા કરનાર તથા તેને સાંભળનાર, અને તેને ઉત્તેજન આપનાર, એ ત્રણેનો અધઃપાત થયા વિના રહેતો નથી. માણસ બહુ બહુ તો દોષોની નિંદા કરી શકે, અને તે પણ એટલા માટે કે તેના તરફ ઘૃણા પેદા થાય અને પરિણામે ઘૃણિત દોષોનો ઝટ ત્યાગ કરી શકાય.

દોષવાન વ્યક્તિ વા સમૂહની કદીય નિંદા ન કરવાની ટેવ પ્રત્યેક આત્માર્થીમાં અથવા ધર્મનો અધિકાર મેળવનારમાં હોવી જ જોઈએ.

આમ નિંદા કરવાની વૃત્તિને મોટો દુર્ગુણ સમજી તેનો ત્યાગ તત્કાળ કરવો જ રહ્યો. એ રીતે કરેલા ત્યાગને ચુસ્ત રીતે વળગી રહી તેને કાયમ ટકાવી રાખવાનું બળ સદાચારી પુરુષોની પ્રશંસા કર્યા કરવાથી અને વિવેકપૂર્વક તેમની સોબતથી આવે છે અને વધે છે. તેથી આત્માર્થી મનુષ્યે ગુણપ્રશંસક બનવા સાથે અને નિંદાનો ત્યાગ કરવા સાથે, કોઈ પણ દેશ, વેશ, ભાષા, ધંધો કે કોમ વગેરેને પ્રધાન સ્થાન આપ્યા વિના જે કોઈ સદાચારી મનુષ્ય હોય તેનો સંગ સદા રાખવો જરૂરી છે.

સદાચારી લોકો અમુક કોઈ દેશમાં જન્મથી પાકે છે એવું નથી, તેમ અમુક જાતનો વેશ પહેરવાથી મનુષ્ય સદાચારી બને છે એવુંય નથી. તે જ પ્રકારે માણસ અમુક જાતની ભાષા બોલનારો વા અમુક જાતનો ધંધો કરનારો વા અમુક જાતના રંગવાળો વા અમુક વંશનો, કુળનો કે જાતનો છે માટે તે સદાચારી જ હોય તેવું પણ નિયત રીતે દેખાતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેથી સદાચારીની પરીક્ષા કોઈ દેશ, વેશ કે રંગ વગેરે ઉપર નિર્ભર નથી. એ તો પ્રત્યક્ષ વ્યવહાર અને આચરણ ઉપર નિર્ભર રહે છે. તેથી ગમે તે દેશનો ગમે તેવા વેશવાળો કે રંગવાળો મનુષ્ય સદાચારી હોઈ શકે છે. તો એવા સદાચરણી મનુષ્યોનો સહવાસ-સમાગમ આત્માર્થીને ધર્મનો અધિકાર મેળવવાની તૈયારીમાં ઘણો જ ઉપયોગી છે.

બીડીનું વ્યસન છોડનારે બીડી પીનારાઓની સોબત છોડવી જ રહી અને નહિ બીડી પીનારાઓની સોબતમાં વધારે આવવું રહ્યું. એને માટે પીનારા કરતાં નહિ પીનારા વિશેષ ઉત્તમ પ્રકારના છે. આવા સંગના અધિક પ્રસંગથી જ આત્માર્થીમાં જે સદાચરણોનો રંગ લાગવા લાગ્યો હોય તે વધારે દૃઢ અને સ્થિરમૂળ થવા લાગે છે.

આ સાથે દરેક આત્માર્થી અને ધર્મનો અધિકાર મેળવવાનો પ્રયાસ કરનાર માનવ પોતાનાં માતા-પિતાનો પૂજક હોવો જોઈએ. બીજા ગુણો કેળવવા સાથે માતાપિતા તરફનો આદર, ભક્તિભાવ અને તેમને પ્રત્યક્ષ પરમેશ્વર સમાન માનવાની વૃત્તિ જેમાં ન ઉદ્‌ભવે તેને આત્માર્થી કેમ કરીને કહેવો ? અને એવો મનુષ્ય ધર્મનો અધિકારી થઈ જ કેમ શકે ? યોગશાસ્ત્રો તો કહે છે કે માતાપિતાનો જે આવો પૂજક ન હોય અને દ્રોહી હોય તે આત્માર્થી હોઈ જ શકતો નથી, પછી તેના ધર્માના અધિકારી બનવાની વાત જ ક્યાં રહી ? આ વિશે કોઈ પણ શાસ્ત્રનો મતભેદ નથી.

ઉપરના ગુણો કેળવવા સાથે નિંદનીય એવી કોઈ પ્રવૃત્તિ તરફ આત્માર્થીનું થોડું પણ વલણ ન હોવું જોઈએ, અને જો હોય તો તેને દૂર કરવા ભારે પ્રયત્ન કરવો જરૂરી છે.

જે જે યોગ્યતા ઉપર દર્શાવેલી છે, તે તમામ યોગ્યતા ત્યારે જ મેળવી શકાય, વા મેળવેલી હોય તો તે ત્યારે જ ટકી શકે, જ્યારે એ આત્માર્થી પોતાના વા પોતાનાં સ્વજનોના પોષણ નિમિત્તે એવી કોઈ પ્રવૃત્તિને વરેલો હોય કે જે પ્રવૃત્તિ દ્વારા ન્યાયપૂર્વક થતા ધનાર્જનની સહાયથી પોતાનો વ્યવહાર ચાલી શકતો હોય. એટલે, આત્માર્થી મનુષ્ય-ધર્મનો અધિકાર મેળવવા સારુ નિષ્ક્રિય બની જાય અને પોતાના વા પોતાનાં સ્વજનોનાં પોષણની જવાબદારી અદા કરવામાં બેદરકાર રહે વા આળસ કરે તો જે ગુણો તેણે મેળવેલા હશે તે પણ બધા જ ફોગટ જવાના. એ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને યોગશાસ્ત્રકાર કહે છે કે ધર્મનો અધિકાર મેળવવા ઇચ્છતા આત્માર્થી ગૃહસ્થે ધનાર્જન કરવું જરૂરી છે, પણ તે ન્યાયને જ માર્ગે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અન્યાયી રીતે ધનાર્જન કરીને ધર્માધિકાર મેળવવા જનારમાં ઘણી વાર બેદરકારી, બિનજવાબદારી, સ્વચ્છંદ, આળસ, હરામીપણું અને સામાજિક દૃષ્ટિએ પોતાના કર્તવ્ય અંગે બેભાનપણું તથા જેઓ તરફ પોતાની દૃઢ મમતા છે એવાં સ્વજનો પ્રત્યે બિનવફાદારી વગેરે દુર્ગુણો પેદા થવાનું જોખમ રહેલું છે. માટે જ આત્માર્થીને માટે પોતાના અને કુટુંબના ન્યાયપૂર્વકના પોષણ વિશે ભાર મૂકવામાં આવેલ છે.

આ રીતે ધનાર્જન કરનારે પોતાની આવક અને જાવક અંગે બરાબર સાવધાન રહેવું જોઈએ અને એવી જાગૃતિ સતત રાખવી જોઈએ કે જાવક હંમેશાં આવકથી ઓછી જ રહે અને કદી પણ વધવા તો ન જ પામે...

યોગશાસ્ત્રકારો આ અંગે વિશેષ સ્પષ્ટતા કરતાં જણાવે છે, કે આત્માર્થી મનુષ્યનાં અડોશી-પડોશી ઉત્તમ પ્રકારનાં હોવાં જોઈએ અને તેણે એવા ઘરમાં રહેવાનો વિશેષ આગ્રહ રાખવો જોઈએ કે જ્યાં અડોશી-પડોશી ઓછાં ખર્ચાળ અર્થાત્ ઉડાઉ નહિ તેમ કંજૂસ પણ નહિ, પરસ્પર સહાનુભૂતિવાળાં, ગુણગ્રાહક અને ખાસ કરીને આપત્તિમાં સહાયતા કરનાર હોય. આવા પડોશમાં વસનારો આત્મશોધક મનુષ્ય મિતવ્યયી હોવો જોઈએ. જો તે મિતવ્યયી ન હોય અથવા તેવો ન રહી શકતો હોય, તો તેને ધર્મનો અધિકાર મળવાનો મુદ્દલ સંભવ નથી.

આવકનો વિચાર લક્ષ્યથી દૂર કરી જાવકને જ વધારનાર મનુષ્ય કદી આત્માર્થી તો ઠીક પણ સામાન્ય માનવ જે રીતે વર્તતો હોય છે તે રીતેય વર્તી શકતો નથી અને ધર્મનો અધિકારી બની શકતો નથી.

આવો જાવક અને આવકનાં સરખાં પલ્લાં રાખનારો વા જાવકને ઓછી રાખનારો અર્થાત્ સાદી રીતે રહેનારો મનુષ્ય પોતે એવો જ પહેરવેશ પહેરશે જે તેની આવકના પ્રમાણમાં બિલકુલ સાદો હોય. કોઈ બીજાઓ ઉપર રોફ મારવા કે પ્રભાવ પાડવા પોષાક કરતાં આચરણ જ વિશેષ ઉપયોગી હોય છે, એમ સમજીને તે આત્માર્થી ગૃહસ્થ કદી પણ ઉછાંછળો વા પરદેશના કેવળ અનુકરણથી પ્રચાર પામેલો વેશ-પહેરવેશ કદી પણ નહિ પહેરે; એટલું જ નહિ, પણ શરીરની કોઈ પણ ટાપટીપ એ બીજાઓને પોતા તરફ ખેંચવા વા વ્યામોહમાં પાડવા કદી નહિ જ કરે; એટલું જ નહિ, પણ તેનું વિશેષ ધ્યાન શરીરના અને મનના આરોગ્યને ટકાવવા તરફ રહેશે, અને પોતાની વેશભૂષા વા કેશકલાપ વા નખ વગેરેનું સૌંદર્ય તે, આરોગ્યને ધ્યાનમાં રાખીને જ કરશે. તે એમ સમજી જ લેવાનો કે ઉછાંછળો વેશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાને હાનિકર્તા નીવડે છે અને બીજા જોનારાઓને પણ ઘણી વાર અનીતિના ખાડામાં ઉતારી પાડે છે. એટલે સાદાઈથી રહેવા તે વિશેષ સાવધાન રહે છે.

વળી તે સ્વતંત્ર વિચારક હોવો જોઈએ. કોઈનું અનુકરણ કરીને અંધ અંધને અનુસરે એમ વિના સમજ્યે કે વિચાર્યે કોઈ અંધાનુકરણી ન હોવો જોઈએ. એટલે તે પોતાના ધ્યેયને અંગે નિરંતર કાંઈ નવું નવું સાંભળવાની વા જાણવાની વૃત્તિવાળો હોવો જોઈએ. જે સાંભળેલું હોય તેને બરાબર ગ્રહણ કરનારો પણ તે હોવો જોઈએ અને ગ્રહણ કરેલા વિચારને બરાબર સ્મૃતિમાં સંઘરનારો અને તેની ઉચિતતા અંગે તર્કવિતર્ક કરનારો પણ એ આત્માર્થી હોવો જોઈએ. જો તે આવો જાગ્રત ન હોય તો જરૂર ધર્મને નામે ચાલતા વહેમોમાં ફસાઈ પડવાનો અને ધર્મથી તદ્દન અવળે માર્ગે જ દોરાઈ જવાનો. ઘણા લોકો નહાવામાં ધર્મ માને છે તથા ઘણા એવા પણ લોકો છે કે જેઓ દેવદેવીઓ પાસે જીવતાં પશુઓને કાપવામાં અથવા આગમાં હોમી દેવામાંય ધર્મ સમજે છે. એ માણસના અવિચારનું જ પરિણામ છે. આવા વિચાર-સ્વાતંત્ર્ય સાથે તેણે નિયમિત ધર્મશાસ્ત્રનું શ્રવણ પણ કરતાં રહેવું જોઈએ.

ધર્મનો અધિકાર મેળવવા મથતો મનુષ્ય આવો હોવા સાથે મિતાહારી, નિયમિત એટલે વખતસર ભોજનપાન કરનારો અને અજીર્ણ થતાં જ ભોજનનો ત્યાગ કરનારો હોવો જોઈએ. આવો ન હોય તો તે નિરંતર માંદો જ રહેવાનો; તે તેનો વ્યવહાર કથળે જ. અને વ્યવહાર કથળતાં નીતિનું ધોરણ નાશ પામે અને છેવટે એવો માણસ, એક પગથિયું ચૂકેલો જેમ છેક નીચે આવીને પડે છે, તેમ નીચી સપાટીએ પહોંચી જાય છે.

ઉપર કહ્યો તેવો મિતાહારી, પાપભીરુ અને સદાચારોની પ્રશંસામાં તત્પર રહેનારો આત્માર્થી ગૃહસ્થ વેવલો વૈરાગી હોય તે તેના હિતમાં નથી, તેમ પૈસા પાછળ જ આંધળો થઈને પડનારો હોય તો તેનો આત્માર્થ જ ક્યાં રહ્યો ? અને વિશેષ ભોગો-ઉપભોગો તરફ તેનું વલણ હોય તો પણ આત્માર્થ ન ટકે. આ અંગે યોગશાસ્ત્રકાર કહે છે કે ધર્મ, અર્થ અને કામ એ ત્રણેમાં પરસ્પર અવિરોધ રહે એ રીતે તેમને સાધનારો હોય. સામાજિક નિષ્ઠા, કુટુંબનિષ્ઠા, સ્વાસ્થ્યનિષ્ઠા, ન્યાયનિષ્ઠા તથા વિદ્યાનિષ્ઠા વગેરેને હાનિ નહિ પહોંચાડીને અર્થનું ઉત્પાદન કરવું તેનું નામ ધર્મ. તે ધર્મને અબાધિત રાખીને કરાતી અર્થપ્રાપ્તિ ન્યાયમાર્ગે કરી કહેવાય. ન્યાયમાર્ગે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થપ્રાપ્તિ કરવા સાથે 'શિષ્ટાચરિત મર્યાદા'ને સાચવીને તમામ ઇંદ્રિયોને રસયુક્ત પ્રીતિ-તૃપ્તિ મળે એ રીતે અર્થનો વ્યય કરવો તેનું નામ ધર્મને અબાધિત રાખીને કામનું અર્જન કર્યું કહેવાય. અને અર્થ તથા કામને બાધા નહિ પહોંચાડીને દાન વગેરે ધર્મોનું આચરણ કરવું તેનું નામ ઉચિત ધર્માચરણ કહેવાય. ગૃહસ્થાશ્રમી નિરંતર દેહદમન કર્યા કરે તે તેના ગૃહસ્થાશ્રમને ઉચિત ન ગણાય. તાત્પર્ય એ, કે આત્માર્થી ગૃહસ્થે ધર્મને, અર્થને અને કામને એવી રીતે અનુભવવા કે જેથી એ ત્રણમાંના કોઈ પણ પુરુષાર્થને હાનિ ન પહોંચે. જે માણસ પોતાના સહાયકો તથા કુટુંબ અને નોકરવર્ગને અતિશય પીડા આપીને અર્થનું ઉપાર્જન કરતો હોય અને એક દમડીનો પણ સ્વ કે પર માટે ઉપયોગ ન કરતો હોય તેવો માણસ મહાકંજૂસ કહેવાય; કોઈ રીતે તે આત્માર્થી ન કહેવાય.

આમ ત્રણે વર્ગને સાધનારો આત્માર્થી અતિથિનો પૂજક ન હોય તો તેનો આત્માર્થ તદ્દન ઝાંખો જ સમજવો, નિસ્તેજ સમજવો. તે પોતાને આંગણે ચડી આવનાર અતિથિનો નાત, જાત, ભાષા, ધર્મ કે બીજી એવી પરિસ્થિતિઓને વચ્ચે લાવ્યા વિના જ સમવૃત્તિપૂર્વક આદર તથા બહુમાન કરનારો હોવો જોઈએ. આ ગુણ મનુષ્ય ન કેળવે તો તે ધર્મનો અધિકારી શી રીતે બની શકે ? સમવૃત્તિનું જ નામ વાસ્તવિક ધર્મ છે. તે જ્યાં ન હોય ત્યાં ધર્માચરણનો સંભવ નથી.

અતિથિપૂજક અધિકારી સંતજનો તરફ ઉદાર વૃત્તિવાળો હોવો જોઈએ તથા દીન લોકો તરફ પૂરતી સહાનુભૂતિ રાખી દાન આપનારો તથા તેમની સેવા કરનારો હોવો જોઈએ. જો તે આવો દાતા ન હોય તો તે ધર્મનો અધિકારી કોઈ પણ રીતે કેમ હોઈ શકે ?

અતિથિપૂજક તથા દાતા એવો મનુષ્ય કદી કોઈ પણ રીતે ગમે તે મુદ્દા પ્રત્યે દુરાગ્રહી ન જ હોવો જોઈએ. વળી તે મનુષ્યગુણોનો વિશેષ પક્ષપાતી હોવો જોઈએ. અભિનિવેશ વિનાનો તથા સ્વ કે પરની પરિસ્થિતિના બળાબળને સમજીને દેશ વિરુદ્ધની કે કાળ વિરુદ્ધની તમામ ચર્યાને ટાળનારો પણ હોવો જોઈએ.

આ સાથે એ મનુષ્ય ચારિત્ર્યસંપન્ન તથા જ્ઞાનવૃદ્ધ લોકો તરફ વિશેષ આદર રાખનારો અને તેમનો પૂજક પણ હોવો જોઈએ. તથા જેમની જેમની જવાબદારી તેણે પોતા ઉપર લીધેલી છે, અથવા સામાજિક રીતે જેમની જવાબદારી પોતાના ઉપર આવેલી હોય તેવા તમામ પોષ્ય લોકોનો એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમનું પોષણ કરવાનું છે તેમનો તે આદરપૂર્વક પોષક હોવો જોઈએ. તથા દીર્ઘદર્શી અને વિશેષતાઓને સમજનારો એટલે કે સારાસાર, કાર્યાકાર્ય, હેય-ઉપાદેય વગેરેની વિશેષતાને પૂરો સમજનાર હોવો જોઈએ. પોતાના ગુણદોષને બરાબર પિછાણનારો હોવો જોઈએ, પોતા ઉપર કોઈએ કરેલા નાના સરખા ઉપકારને પણ કદી ન ભૂલે એવો કૃતજ્ઞ હોવો જોઈએ. લોકપ્રિય એટલે લોકોનાં દુઃખસુખમાં ભાગીદાર વા સહાનુભૂતિવાળો હોવો જોઈએ, વડીલોની આંખની શરમ રાખનારો હોવો જોઈએ. એટલે કોઈ અનુચિત પ્રસંગ આવી જતાં વડીલો તેને એટલું જ કહે કે ‘‘ભલા માણસ ! તને આ શોભે ?’’ આટલામાત્રથી તે, એ પ્રસંગથી અટકી જવાની વૃત્તિવાળો હોવો જોઈએ. દયાવાળો, સૌમ્ય પ્રકૃતિનો અને પરોપકાર કરવામાં તત્પરતા દાખવનારો પણ હોવો જોઈએ. તથા કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષ એ છ અંદરના શત્રુઓથી તે દૂર રહેનારો હોય તો જ તેનાથી ધર્મના અધિકારી થઈ શકાય.

માણસ પરસ્ત્રી અથવા પરપુરુષ તરફ કામવાસનાને અંગે વિચાર કરે અથવા અપરિણીત સ્ત્રી તથા પુરુષો તરફ કામવાસનાને અંગે વિચાર કરે તેનું નામ કામ પુરુષાર્થ.

પોતાનો દોષ છે કે બીજાનો દોષ છે એ બાબત ક્ષણ પણ વિચાર કર્યા વિના એકાએક કોપ કરવો તેનું નામ ક્રોધ.

જ્યાં દાન દેવાની જરૂર છે ત્યાં પોતાના ધનનો ઉપયોગ ન કરવો અને કોઈ પણ યુક્તિપ્રયુક્તિ દ્વારા કોઈ પણ ખાસ કારણ વિના બીજા પાસેથી ધન પડાવી લેવું તેનું નામ લોભ.

દુરાગ્રહ રાખવો અથવા યુક્ત વાતનું તરત ગ્રહણ ન કરવું તેનું નામ માન.

પોતાના કુળનો, બળનો, વૈભવનો, રૂપનો કે વિદ્યાનો અહંકાર કરવો તેનું નામ મદ.

નિમિત્ત વગર બીજાને સતાવી તેમાં આનંદપ્રમોદ માનવો, કોઈને દુઃખી જોઈને મનમાં હર્ષ કરવો અથવા જુગાર રમીને વા શિકાર કરીને મનને સંતોષ પમાડવો તેનું નામ હર્ષ. આત્માર્થી ગૃહસ્થો માટે આ છ વૃત્તિઓ અંદરના શત્રુ છે.

એ છ અંતરંગ શત્રુઓથી દૂર રહેનારો અને પોતાની ઇંદ્રિયોને વશમાં રાખવાનો અભ્યાસ રાખનારો ગૃહસ્થધર્મનો અધિકારી હોઈ શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર જણાવેલી બધી યોગ્યતા જેનામાં હોય વા એમાંની પ્રધાન-પ્રધાન બેચાર યોગ્યતાઓ પણ જેનામાં હોય અથવા પ્રથમ યોગ્યતા જે ન્યાયપરાયણતાની છે, નીતિ-નિષ્ઠાની છે અને સત્યપ્રિયતાની છે તે એકલી એક યોગ્યતા પણ જેનામાં હોય તે માણસ ગૃહસ્થધર્મના આચરણનો અધિકારી છે, બીજો નહીં.

ઉપર વર્ણવેલી એવી કોઈ પણ યોગ્યતા અથવા પ્રથમ યોગ્યતા પણ જેનામાં ન હોય તે મનુષ્ય કોઈ કાળે ધર્માચરણનો અધિકારી બની શકતો નથી. છતાંય જો એવો તદ્દન યોગ્યતા વિનાનો માનવ ધર્માચરણ કરવા પ્રયત્ન કરે તો તે રાખ ઉપર લીંપણ કરવા બરોબર છે. જેમ રાખ ઉપર જરા પણ લીંપણ કદી પણ થઈ શકતું નથી, તેમ ઉપર જણાવેલી એક પણ યોગ્યતા જેનામાં નથી વા પ્રથમ યોગ્યતા પણ જેનામાં નથી તેવો કોઈ પણ મનુષ્ય ધર્માચરણને લાયક બની શકતો નથી. આ ઉપરથી ફલિત એમ કરી શકાય કે નિરાશ કે હતોત્સાહ ન થતાં અને પાછા હઠવું પડે તો તેમ કરીને પણ આત્માર્થી ગૃહસ્થે ધર્મનો અધિકાર મેળવવા, ઉપરની યોગ્યતા મેળવવા સારુ પ્રથમ પ્રયાસ કરવો અત્યંત જરૂરી છે.

— અખંડ આનંદ, માર્ચ - ૧૯૫૮

•

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org